# <u>GUJARAT BILL NO. 25 OF 2026.</u>

## GUJARAT PREVENTION OF FRAGMENTATION AND CONSOLIDATION OF HOLDINGS (AMENDMENT) BILL, 2026.

***A BILL***

*further to amend the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947.*

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૨૫ .**

## ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબત (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે સન ૨૦૨૬ના જુલાઈ મહિનાની ૧૪મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૧૯૪૭નો મુંબઇનો ૬૨મો.**

**સન ૧૯૪૭ના મુંબઇના ૬૨મા અધિનિયમની કલમ ૫નો સુધારો.**

**૨.** ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૫માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૪) કલમ ૪ અથવા પૂર્વવર્તી પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇ સ્થાનિક વિસ્તારમાં જમીનના કોઇપણ વર્ગ માટે માનક વિસ્તાર (Standard Area) જાહેર કરી શકશે.".

**સન ૧૯૪૭ના મુંબઇના કરમા અધિનિયમની કલમ ૯નો સુધારો.**

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

"(૪) (૧) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ અથવા તે પછી પરંતુ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં આ અધિનિયમની જોગવાઇઓથી વિરૂદ્ધ કરેલી જમીનની કોઇ તબદીલી અથવા વિભાજન, કોઈ અધિકારી અથવા સત્તાધિકારી સમક્ષ કોઈ કાર્યવાહી અનિર્ણીત (પડતર) હોય કે ન હોય, તેને માટે કોઈ દંડ અથવા પ્રીમિયમ વસૂલ્યા વિના તે નિયમિત કરવામાં આવ્યું હોવાનું ગણાશે.

(૨) ફેરતપાસ સત્તાધિકારી સમક્ષની આ પેટા-કલમમાં જણાવેલી કાર્યવાહીઓનો નિકાલ, આવા સત્તાધિકારી દ્વારા પેટા-કલમ (૧)ને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે, જ્યારે કાર્યવાહીના (ટ્રાયલ) તબક્કે અધિકારી સમક્ષની અનિર્ણીત (પડતર) કાર્યવાહીઓ રદ થયેલી ગણાશે.".

**રદ કરવા બાબત અને અપવાદ.**

**સન ૨૦૨૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૨.**

**૪.** (૧) ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વટહુકમ, ૨૦૨૬, આથી, રદ કરવામાં આવે છે.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણે, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

ખેતીની કાર્યક્ષમતાનું રક્ષણ કરવા અને ખેતીની જમીનનું વ્યવસ્થિત સંચાલન સુનિશ્ચિત કરવાના હેતુથી, ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવાની જોગવાઈ કરવાના ઉદ્દેશથી, ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭નો મુંબઇનો ૬૨મો) (જેનો આમાં હવે પછી, "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અધિનિયમિત કરવામાં આવ્યો હતો.

આ અધિનિયમ સાત દાયકા કરતાં વધુ સમયથી અમલમાં છે. આ સમયગાળા દરમિયાન, રાજ્યની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓમાં, જમીનના ઉપયોગની પદ્ધતિઓ અને ખેતીના વ્યવસાયોમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. આ વિકાસને ધ્યાનમાં લેતાં, તેના ઉદ્દેશો વર્તમાન સમયની જરૂરિયાતો સાથે સુસંગત રીતે સિદ્ધ થાય તે સુનિશ્ચિત કરવા અધિનિયમની અમુક જોગવાઈઓની સમીક્ષા કરવી જરૂરી બની છે.

શહેરી અને મ્યુનિસિપલ (નગરપાલિકા) વિસ્તારોના વિસ્તરણથી, આવા વિસ્તારો અને તેમની આસપાસમાં આવેલી ખેતીની જમીનોને, આવી જમીનોને બિન-ખેતીના ઉપયોગ માટે લાયક અને વધુ યોગ્ય બનાવવા માટે, વિકાસ યોજનાઓ હેઠળ રહેણાક, વાણિજ્યિક અને ઔદ્યોગિક ઝોનમાં સમાવવામાં આવી છે. આ બાબત હોવા છતાં, અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કરવામાં આવેલી આવી જમીનોની તબદીલીઓ અને વિભાજનોને કારણે જમીનના ટુકડા થયા છે. વૈધાનિક નિયંત્રણો અથવા હકપત્રકના પુરાવામાં દર્શાવેલા આવા વ્યવહારોને કારણે, સંબંધિત સમયે, અધિનિયમની જોગવાઈના ઉલ્લંઘન થવાને કારણે કબજેદારો બિન-ખેતીનો ઉપયોગ શરૂ કરવા માટેની જરૂરી પરવાનગીઓ મેળવી શકતા નથી.

સદરહુ સમસ્યાનો ઉકેલ લાવવાના હેતુથી, વર્તમાન સામાજિક-આર્થિક અને જમીનના ઉપયોગની વાસ્તવિકતાઓને પહોંચી વળવા અને રાજ્યની વિકાસલક્ષી જરૂરિયાતો સાથે ખેતીના હિતોનું સંતુલન જાળવવા માટે આ અધિનિયમની કલમો ૫ અને ૯ સુધારવાનું જરૂરી જણાયું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ સુધારવા, ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા

પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વટહુકમ, ૨૦૨૬ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**ઋષિકેશ પટેલ,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છેઃ-

**કલમ ૨.-** આ કલમથી ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૫માં ઉમેરવા ધારેલી નવી પેટા-કલમ (૪)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, કોઈપણ સ્થાનિક વિસ્તારમાં જમીનના કોઈપણ વર્ગ માટે માનક વિસ્તાર (Standard Area) જાહેર કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૬. **ઋષિકેશ પટેલ.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૫.]**

ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક.

**[શ્રી ઋષિકેશ પટેલ,**

**ઊર્જા મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની ૨જી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

ચેતન પંડ્યા,

સચિવ,

ગુજરાત વિધાનસભા.